નં.ડીએમ/ડીસીએચ/૧૯૦૩/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા.૨૦ /૦૩/૨૦૨૪

**ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ ૩૭(૧) હેઠળનું જાહેરનામું**

તા.૨૪/૦૩/૨૦૨૪ તેમજ તા.૨૫/૦૩/૨૦૨૪ ના રોજ હુતાસણી તથા ધુળેટીના તહેવારોમાં મોટા પ્રમાણમાં પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો ભાગ લે છે તેમજ આવી ઉજવણી દરમ્યાન સુલેહ શાંતિ અને કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી જામનગર તરફથી ગુજરાત પોલીસ અધિનિયમ –૧૯૫૧ ની કલમ–૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવા અંગે દરખાસ્ત મળેલ છે જે દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

તેથી હું, **ભાવેશ એન. ખેર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર** ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૭ (૧) તળે મને મળેલ સતાની રૂએ ફરમાવુ છુ કે નીચે જણાવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં **તા.૨૩/૦૩/૨૦૨૪ ના સાંજે ૦૬.૦૦ કલાક થી તા.૨૫/૦૩/૨૦૨૪ ના ૨૪:૦૦ કલાક** સુધી બન્ને દિવસ સહિત કોઈએ :

૧. કોઈની ઈચ્છા વિરૂધ્ધ તેના પર રંગ છાંટવો નહી.

૨. કોઈની લાગણી દુભાય તેવા શબ્દો અથવા સુત્રો પોકારવા નહી કે બોલવા નહી. પત્રિકા, પ્લેકાર્ડ અથવા વિચિત્ર આકૃતિઓ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી કે ફેલાવો કરવો નહી.

**–: પરિશિષ્ટ :–**
**" જામનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર "**

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા થશે અને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નિચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ અધિનિયમ) ની કલમ–૧૮૮ અન્વયે ફરીયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધિ પોલીસ અધિકારીશ્રીએ નિર્દેશ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખાય તેવી રીતે તેની નકલો ચોંટાડી ને સદરહું વિસ્તારમાં જાહેર કરી બહોળી પ્રસિધ્ધી કરવાનુ ફરમાવું છુ.

આજ તા.૨૦ માહેઃ માર્ચ–૨૦૨૪ ના રોજ મારી સહી કરી મહોર લગાડી બહાર પાડયુ.

Office of the District Magistrate, Jamnagar District — જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો — सत्यमेव जयते — ગુજરાત રાજ્ય

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

**નકલ રવાના :–**

(૧) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.
(૨) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર.
(૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર. (વધારાની ૧૦ નકલો સાથે બહોળી પ્રસિધ્ધી અર્થે)
(૪) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.
(૫) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર
(૬) મામલતદારશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/જોડીયા/કાલાવડ/લાલપુર/જામજોધપુર
(૭) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૨ નકલો સાથે)
...સ્થાનીક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા સારું.
(૮) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
...ઉકત જાહેરનામાની બે નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેને મોકલી આપવા સારું.
(૯) સિલેકટ ફાઈલે.